# આવતીકાલે પ્રધાનમંત્રી પાટનગરમાં

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ માટે આવનાર વડાપ્રધાનનું રાત્રિરોકાણ ગાંધીનગર રાજભવન ખાતે રહેશે

ગાંધીનગર તા ૨૮

૩૧મી ઓક્ટોબરે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવનાર છે. વડાપ્રધાન ૩૦મી તારીખે મોડી સાંજે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચશે અને ત્યાંથી બાય રોડ રાજભવન ખાતે આવીને રાત્રે રોકાણ કરશે. બીજા દિવસે ૩૧મી એ વહેલી સવારે વડાપ્રધાન કેવડીયા પહોંચશે અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરી વડોદરા થઈને દિલ્હી જશે. વડાપ્રધાનના ગાંધીનગર ખાતે રાત્રે રોકાણના કાર્યક્રમ દરમિયાન તમને સુરક્ષા વ્યવસ્થા માટે થ્રી લેયર સુરક્ષા કવચ ગોઠવવામાં આવ્યુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦મી તારીખે મોડી સાંજે અમદાવાદ એરપોર્ટ પહોંચશે અને ત્યાંથી ચુસ્ત રોડ બંદોબસ્ત વચ્ચે બાય રોડ તેમને ગાંધીનગર રાજ ભવન ખાતે લાવવામાં આવશે. રાજભવનમાં તેમનુ રાત્રી રોકાણ હોવાથી રાજભવન ખાતે પણ લોખંડી પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવશે. બીજે દિવસે સવારે સચિવાલય હેલીપેડથી વડાપ્રધાન હેલીકોપ્ટર મારફતે કેવડીયાકોલોની જવાના હોવાથી સચિવાલયના હેલીપેડ ખાતે પણ ચુસ્ત પોલીસ પહેરો મુકવામાં આવશે.

આ તમામ સુરક્ષા વ્યવસ્થા માટે ની બંદોબસ્ત સ્કીમ ગાંધીનગર પોલીસ દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે. વડાપ્રધાનની સલામતી અને સુરક્ષા માટે એક આઈજીપી, ચાર એસ.પી, ૧૦ ડી.વાય.એસ.પી, ૩૦ પી.આઈ, ૬૦ પી.એસ.આઇ, ૬૦૦ પોલીસ, ૫૦ મહિલા પોલીસ, ૫૦ ટ્રાફિક પોલીસ, બે કંપની એસ.આર.પી અને ક્વિક રિસ્પોન્સ ટીમ પણ બંદોબસ્તમાં ગોઠવવામાં આવશે. નરેન્દ્ર મોદી રાજ ભવન ખાતે આવ્યા બાદ મોડી રાત્રે અથવા વહેલી સવારે પોતાના માતૃશ્રી હીરાબાને મળવા અને ખબર અંતર પૂછવા રાયસણ ખાતે સ્થિત તેમના નિવાસ્થાને પણ જાય તેવી શક્યતા છે. જોકે આ કાર્યક્રમ તેમના શિડ્યુલમાં નથી પરંતુ અગાઉ પણ તેઓ આવી રીતે અચાનક સુરક્ષા એજન્સીઓની જાણ બહાર માતૃશ્રી હીરાબા ને મળવા પહોંચી ગયા હોવાના દાખલા હોવાથી તે અંગેની પણ તૈયારી જિલ્લા પોલીસ દ્વારા રાખવામાં આવી છે.

## ગાંધીનગરનાં ખેલાડી પારૂલ પરમારનું વડાપ્રધાન દ્વારા અભિવાદન કરાયું



ગાંધીનગરનાં પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે તાજેતરમાં ઈન્ડોનેશિયામાં યોજોલ એશિયન પેરા ગેમ્સમાં વિમેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીતીને પાટનગર સહિત સમગ્ર રાષ્ટ્રનું મસ્તક આંતરરાષ્ટ્રીય સ્તરે ઉન્નત કર્યુ છે. ઈન્ડોનેશિયાથી પરત આવેલ પારૂલ પરમારનું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ રૂબરૂ મળી અભિવાદન કર્યુ અને અભિનંદન પાઠવ્યાં એટલું જ નહીં તેમણે પોતાના ટ્વીટર એકાઉન્ટ પર પણ તસવીર શેર કરી પારૂલ પરમારની પ્રસંશા કરી છે.

## પિયજ ગામમાં દરોડો પાડી કલોલ તાલુકા પોલીસે આઠ શકુનિઓને પકડી પાડયા

### ૪૦ હજારના મુદ્દામાલ સાથે તમામ આઠ આરોપીઓની ધરપકડ



ગાંધીનગર તા ૨૮

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા પિયજ ગામ માં કલોલ તાલુકા પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રમતુજીવાળા વાસમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા આઠ શકુનિઓને પકડી પાડ્યા હતા. કલોલ તાલુકા પોલીસે ચાર મોબાઈલ અને રોકડ મળી કુલ રુ.૪૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ આઠ શકુનીઓની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલ તાલુકા પીઆઇ નિરજ પટેલની સૂચનાથી તેમની ટીમ દારૂ જુગારની પ્રવૃત્તિઓને નેસ્ત નાબુદ કરવા સક્રિય થયેલી છે ત્યારે ગઈકાલે આ ટીમ પોલીસ સ્ટેશન ખાતે હાજર હતી તે દરમિયાન લોકરક્ષક નરેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પિયજ ગામ માં રમતુજીવાળા વાસમા ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે કલોલ તાલુકા પોલીસની ટીમે દરોડો પાડી ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા આઠ શકુનીઓને કોર્ડન કરીને જુગાર રમતા રંગેહાથ પકડી પાડયા હતા. પિયજ ગામમાં રહેતા રાજુ જેસંગ ઠાકોર, રમેશ કાંતિ ઠાકોર, પોપટ ગાભુ ઠાકોર, કાના કાળા ઠાકોર, મહોત પુંજા ઠાકોર, મનોજ બળદેવ ઠાકોર, ઈશ્વર પુંજા ઠાકોર અને મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલા વણસોલ ગામમાં રહેતા વિષ્ણુ બળદેવ ઠાકોર મળીને કુલ આઠ શકુનીઓને રોકડ રૂ. ૩૩,૬૪૦ તથા ચાર મોબાઈલ મળી કુલ રૂ.૩૯,૬૪૦ ની કિંમત ના મુદ્દામાલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા. તાલુકા પોલીસે તમામ આઠ શકુનિઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તસ્કરોએ ચોરી કરવામાં ચરેડી છાપરાને પણ ન છોડ્યું..!

ગાંધીનગર તા ૨૮

અમીરોના ઘરે ૮૦ હજારની મત્તાની ચોરી થાય તો તેમને બહુ આંચ ન આવે કે કદાચ પેટનુ પાણી પણ ન હલે એ સ્વાભાવિક છે. પરંતુ ગઈકાલે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં જે ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધાઈ છે તે ઘરફોડ ચોરી જના ઘરે થઈ છે તે બંને મકાનમાલિકો રાતા પાણીએ રડ્યા છે. કાળી મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા છાપરાવાસીઓએ માંડ બચત કરીને ખરીદેલા દાગીના ઉપર તસ્કરોએ નજર બગાડી હતી. બે છાપરાના પતરા તોડી અંદરથી રૂપિયા ૮૨,૦૦૦ ની કિંમતના દાગીના અને રોકડની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સેક્ટર૨૧ પોલીસે ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સે.૨૮ પાસે આવેલા ચરેડી છાપરામાં રહેતા અરૂણભાઈ શીવાભાઈ દંતાણી તેમના પરિવાર સાથે રૂપાલ ખાતે પલ્લી મેળાના દિવસે પલ્લી મેળામાં ગયા હતા. તેમણે રમકડાની દુકાન રાખી હોવાથી મેળામાં એક દિવસ પહેલા જ પહોંચી ગયા હતા. મેળો પૂર્ણ થયો ત્યાર બાદ બીજા દિવસે સવારે પડોશીનો ફોન આવ્યો કે તેમના છાપરાના પતરા તૂટેલા છે. ઘરે જઈને તપાસ કરી તો તસ્કરોએ તેમના છાપરાના પતરા તોડી અંદરથી સોના ચાંદીના રૂપિયા ૮૭૦૦ ની કિંમત ના દાગીના અને રોકડ રૂપિયા આઠ હજારની મતાની ચોરી કરી દીધી હતી. તેમના બાજુના મકાનમાં પણ તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. બાજુના મકાનમાં રહેતા ગુગાભાઈ વઢીયારા બહાર ગામ ગયા હતા તે દરમિયાન તે જ રાત્રે દરમિયાન તસ્કરોએ તેમના છાપરાનુ પતરૂ તોડી અંદર ઘૂસીને અનાજના પીપળા માં મુકેલા ૩૫ હજાર રૂપિયાની કિંમતના દાગીના અને ૧૪ હજાર રૂપિયા રોકડા ચોરી કરી ગયા હતા. બંને મકાનોમાં થઈને તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂપિયા ૮૧,૭૦૦ ની મત્તાની ચોરી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. સે ૨૧ પોલીસ મથકના પીએસઆઇ પી.ડી.વાઘેલાએ ઘરફોડ ચોરી મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગુજ.હાઈ.ના પૂર્વ જસ્ટિસ પીપી ભટ્ટની આઈટી એપ્લેટ ટ્રીબ્યુનલના પ્રેસિડેન્ટ તરીકે નિમણૂંક

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત હાઈકોર્ટના પુર્વ જસ્ટીસ પી પી ભટ્ટની નિમણુંક ઈક્મટેક્સ એપ્લેટ ટ્રીબ્યુનલ (ITAT) ના પ્રેસીડન્ટ તરીકે થઈ છે. આ ટ્રીબ્યુનલના પ્રેસીડન્ટ થનારા પી પી ભટ્ટ પહેલાં ગુજરાતી છે.

૧૯૪૧માં બનેલ ITAT ભારતમાં બનેલ સૌથી જુનુ ટ્રીબ્યુનલ માનવામાં આવે છે. આ ટ્રીબ્યુનલમાં ટેક્સને લગતી અપીલો કરવામાં આવે છે અને હાલ ૯૦,૦૦૦ અપીલો પેન્ડીંગ છે.

જસ્ટીસ પી પી ભટ્ટ અગાઉ ઝારખંડ હાઈકોર્ટના જસ્ટીસ રહી ચુક્યા છે. અને ૨૦૧૧માં તેમણે ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ તરીકે શપથ લીધા હતા. અમદાવાદની સર એલ એ શાહ લો કોલેજમાંથી લોની ડીગ્રી લઈને વકિલ તરીકેની લાંબો સમય પ્રેકટીસમાં પી પી ભટ્ટે સીવીક ઈસ્યુથી લઈને કંપનીઓના ટેક્સેશનના અનેક કેસો લડ્યાં હતા.

## આશા કાર્યકરોના બેંક એકાઉન્ટ આધાર સીડીંગ સાથે હોવા જોઈએ : દહીયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં આશા કાર્યકરોને અને આશા ફેસીલેટર બહેનોને સોશ્યલ સિક્યોરીટીનો લાભ આપવાનો મહત્વનો નિર્ણય કરાયો છે અને જેમાં તેમને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા યોજનાનો લાભ આપવામાં આવનાર છે.

તાજેતરમાં મિશન ડાયરેક્ટરે જિલ્લા કલેકટર અને તંત્રના અધિકારીઓને એક પત્ર લખી આશા કાર્યકરોના બેંકમાં એકાઉન્ટ નહિ હોવાનું તેમજ આશાના બેંક એકાઉન્ટ સાથે આધાર કાર્ડનું સીડીંગ નહિ હોવાનું તો ૨૫૦થી વધુ બહેનો પાસે આધાર કાર્ડ નહિ હોવાનું દર્શાવી આ કામગીરીને ઝડપથી કરવા માટે તાકીદ કરી છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યમાં ૧૬૫૧ જગ્યા આશા બહેનોની ખાલી છે. ૧૯૨ આશા બહેનોના બેંક એકાઉન્ટ નથી. તો ૨૮૭ પાસે આધાર કાર્ડ જ નથી, અને ૮૯૧ આશા કાર્યકરોએ આધાર કાર્ડનું સીડીંગ બેંક એકાઉન્ટ સાથે કરાવ્યું નથી.

મિશન ડાયરેક્ટર દહીયાએ પત્રમાં જણાવ્યુ છે કે આ ગેપ માટે વારંવાર જિલ્લાઓનું ધ્યાન દોરવા છતાં કામગીરી થઈ નથી તે અત્યંત દુઃખદ છે.

ભારત સરકાર પણ આશા અને આશા ફેસીલેટરના ઈન્સેનટીવનું ચુકવણુ આધાર સીડીંગ સાથેનું થાય તે સુનિશ્ચિત કરવા માટે કરેલા આગ્રહ તરફ પણ ધ્યાન દોરી સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવ્યુ છે.

# ભારતના ટોપ ટેન નેતાઓમાં મોદી નંબર વન : બીજા ક્રમે અમિત શાહ, ત્રીજા રાહુલ

ભારતના ટોપટેન પોલિટીશ્યનમાં નરેન્દ્ર મોદી ભારતના નંબરવન રાજકીય નેતા છે. ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂક્યાં છે અને હવે ભારતના વડાપ્રધાન પદ ઉપર પાંચ વર્ષનું શાસન તેઓ પૂર્ણ કરી રહ્યાં છે. બીજાક્રમે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ છે. દેશના ૧૮ રાજ્યોમાં તેમણે પાર્ટીને સત્તા અપાવી છે. બ્યુરોક્રેસી માને છે કે-- પ્રિયંકા ગાંધી રાજકારણમાં નથી પરંતુ જો રાજકારણમાં આવે તો તેઓને ભારતના રાજકારણમાં ત્રીજું સ્થાન આપવું પડે-- પરંતુ હાલ કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીની ગણના દેશમાં ત્રીજાકદના નેતા તરીકે થાય છે. ચોથા નંબર ઉપર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ મેદાન મારી જાય છે. પાંચમાક્રમે એનસીપીના સુપ્રિમો શરદ પવારને મૂકવામાં આવે છે, કેમ કે તેમના માથે મહાગઠબંધનની જવાબદારી છે. છઠ્ઠાક્રમે પશ્ચિમ બંગાળના મહિલા મુખ્યમંત્રી મમતા બેનરજી અને સાતમાક્રમે બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર છે. આઠમો ક્રમ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંન્દ્રાબાબુ નાયડુને જાય છે. નવમા અને દસમાક્રમે યુપીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીને સ્થાન મળ્યું છે. આ દસ એવાં નેતાઓ છે કે જેમણે રાષ્ટ્રીય ફલક પર કામ કર્યું છે...

## પાપા, મેં છોકરો પસંદ કરી લીધો છે; મમ્મી, હું પ્રેમલગ્ન કરવાનો છું...આવા શબ્દો સંભળાય છે ...

### પાપા, મેં છોકરી શોધી લીધી, ચિંતા કરશો નહીં...

ગુજરાતના મુખ્ય શહેરોમાં એક રસપ્રદ સર્વેક્ષણ થયું છે જે વર્તમાન સમયમાં આંખ ઉઘાડનારૂં છે. આ સર્વે ઓનલાઈન મેચમેકિંગ સર્વિસ તરફથી થયું છે. આ સર્વેમાં દર્શાવાયું છે કે યુવક કે યુવતિ તેમના જીવનસાથી જાતે શોધી લેતાં હોય છે, એટલે કે હાલના સમયમાં પ્રેમલગ્નનું પ્રમાણ વધી રહ્યું છે. એરેન્જ મેરેજની સિસ્ટમ હજી ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરક છે પરંતુ શહેરી વિસ્તારમાં છોકરી કે છોકરો શોધવાની જવાબદારી મા-બાપની હોતી નથી. રાજ્યના પાંચ મુખ્ય શહેરોમાં ૭૬ ટકા ગુજરાતી યુવક-યુવતિ એવાં છે કે તેઓ જાતે જ તેમનો લાઈફ પાર્ટનર શોધી લેતાં હોય છે. આ ગુજરાતી અન્ય રાજ્યોમાં વસતા હોય કે એબ્રોડ પરંતુ તેઓ લાઈફ પાર્ટનરની પસંદગી જાતે જ કરતા હોય છે. આ સર્વેક્ષણ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને જામનગરના યંગસ્ટર્સનું થયું છે. લવમેરેજમાં એનઆરઆઈમાં સોફ્ટવેર પ્રોફેશનલ્સ મુખ્ય છે, જ્યારે સામાન્યરીતે બિઝનેસ ઓનર, એન્ટરપ્રિનિયોર અને ખાનગી કંપનીમાં એક્ઝિક્યુટીવ પોસ્ટમાં પસંદગી કરવાનું વલણ વધારે જોવા મળે છે. હવે એવું રહ્યું નથી કે સરકારી નોકરી કરતાં યુવક કે યુવતિને સારૂં પાત્ર મળે, ખાનગી કંપનીમાં પણ હવે તો યોગ્ય જીવનસાથી પસંદ કરવાની વિપુલ તકો સર્જાયેલી છે. બન્ને વ્યક્તિ જો એક જ ફેકલ્ટીમાં અભ્યાસ કર્યો હોય તો બન્નેની પસંદગી સરળતાથી થઈ જાય છે. જેમ કે યુવક ડોકટર હોય તો યુવતિ પણ ડોકટર થયેલી હોય છે. શહેરોમાં ગ્રામ્ય વિસ્તાર જેવી રૂઢીચુસ્તતા જોવા મળતી નથી. ગુજરાતીઓમાં ઈન્ટરકાસ્ટ મેરેજને પણ વધારે બળ મળ્યું છે.

### ગુજરાતના ઓફિસરો બીજા રાજ્યોમાં ડ્યુટી પર જશે...

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હોય છે ત્યારે અન્ય રાજ્યોના ઉચ્ચ અધિકારીઓને ગુજરાતની ચૂંટણી કામગીરી સોંપવામાં આવતી હોય છે હવે અન્ય રાજ્યોમાં ચૂંટણી છે ત્યારે ભારતના ચૂંટણી પંચે ગુજરાતના ૨૯ સનદી અધિકારીઓને ચૂંટણીની ડ્યુટી સોંપી છે. દેશમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, મિઝોરમ અને તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી હોવાથી પરંપરા પ્રમાણે ગુજરાતના ઓફિસરોને ફરજ સોંપવામાં આવી છે પરંતુ આ ૨૯ પૈકી ચાર કે પાંચ અધિકારીઓએ ચૂંટણી કાર્યમાંથી છુટ્ટી માગી છે, જો કે આ તમામ અધિકારીઓ નવી દિલ્હીમાં ચૂંટણીની તાલીમ લીધી છે. ભારતના ચૂંટણી પંચે માત્ર આઈએએસ ઓફિસરોને જ નહીં, આઈપીએસ અને જીએએસ કેડરના ઓફિસરોને પણ તાલીમ માટે બોલાવ્યા હતા. પાંચ રાજ્યોની ચૂંટણીના કાર્યમાં ગુજરાતના પાંચ આઈપીએસ અધિકારીઓ અને ૧૦ જેટલા ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસના ઓફિસરો જવાના છે. દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છે તે પૈકી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપની સરકાર છે, બાકીના બે રાજ્યોમાં બિન ભાજપ સરકાર છે. ભાજપ શાસિત ત્રણ રાજ્યો પૈકી બે રાજ્યોમાં કોંગ્રેસનું શાસન આવે અને એક રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસનો ચાન્સ ફિફ્ટી ફિફ્ટી છે તેવું તાજેતરના સર્વેમાં બહાર આવ્યું છે.

### વહીવટી તંત્રમાં બદલાવ થાય તેવી સંભાવના...

દિવાળીના તહેવારો પછી ગુજરાતના વહીવટી તંત્રમાં નાનો બદલાવ થાય તેવી સંભાવના છે. રાજ્ય સરકારના પાંચ થી સાત સિનિયર અને જિલ્લાકક્ષાના કેટલાક ઓફિસરોની બદલી થઈ શકે છે. સરકાર કહે છે કે આ બદલી રૂટીન છે પરંતુ તેમાં કોઈને કોઈ ચોક્કસ કારણો રહેલાં છે. હાલના વેટ કમિશનર પી.ડી.વાઘેલા આગામી મહિનામાં નવી દિલ્હી જઈ રહ્યાં છે ત્યારે તેમની ખાલી પડેલી જગ્યાએ કોઈ નવા ઓફિસરને ડેપ્યુટ કરવાના થાય છે. એ ઉપરાંત સરકારના કેટલાક વિભાગો કે જેમાં નબળું પરફોર્મન્સ છે તેવા ઓફિસરોને બદલીના ઓર્ડર મળી શકે છે. બીજી તરફ પોલીસ વિભાગમાં પ્રમોશન પણ ડ્યુ છે. ડિપાર્ટમેન્ટ કમિટિ ફોર પ્રમોશન ઓફ સિનિયર ઓફિસર્સ દ્વારા જીડીપી અને એડીજીપીના પ્રમોશન કરવાના થાય છે. સંભવ છે કે નવેમ્બર મહિનામાં આ પ્રમોશન થશે. ૧૯૮૫ બેચના સુરતના પોલીસ કમિશનર સતીષ શર્મા, સ્પેશ્યલ ડિરેક્ટર, એન્ટી કરપ્શન બ્યુરોના કેશવકુમાર અને એડીજીપી, પોલીસ રિફોર્મ્સના વિનોદ મલ્લને ડીજીપીનું પ્રમોશન મળી શકે છે. એડીજીપીના પ્રમોશન પણ દિવાળી પછી થાય તેવી સંભાવના છે.



### ગુજરાત બજેટના 33 ટકા રકમનું લેખાનુદાન લેશે...

ગુજરાત સરકારનું નવા વર્ષનું બજેટ ફેબ્રુઆરી ૨૦૧૯માં આ વખતે રજૂ નહીં થાય કેમ કે આ વર્ષે લોકસભાની ચૂંટણી થવાની છે. આ ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં થવાની હોવાથી સરકાર માટે ચૂંટણી તૈયારી કરવા માટે ત્રણ મહિનાની જરૂર રહેશે. જાન્યુઆરીના મધ્યમાં નવમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ થવાની છે. ફેબ્રુઆરીના મધ્યમાં ૨૦૧૯-૨૦નું સામાન્ય અંદાજપત્ર રજૂ કરવાનું થાય છે પરંતુ ચૂંટણીની તૈયારી માટેનો સમય મળતો નહીં હોવાથી ગુજરાત સરકાર આગામી વર્ષનું ચાર મહિનાનું લેખાનુદાન લેશે તેવું માનવામાં આવે છે. રાજ્યના નાણા વિભાગના સૂત્રો કહી રહ્યાં છે કે દર વખતે જ્યારે લોકસભાની ચૂંટણી આવે છે ત્યારે સંપૂર્ણ બજેટની જગ્યાએ લેખાનુદાન લેવામાં આવે છે. એટલે કે આગામી વર્ષે સામાન્ય બજેટ જુલાઈ ૨૦૧૯માં રજૂ કરાશે જેમાં ચાર મહિનાના લેખાનુદાન પછીના આઠ મહિના માટેનું બજેટ રજૂ કરવામાં આવશે.

## ફેબ્રુઆરીમાં રાજ્યનું બજેટ રજૂ નહીં થાય પરંતુ ચાર મહિના માટે 33 ટકાનો હિસાબ કરી દેવાશે ...

લેખાનુદાન એટલે કે સરકાર બજેટ રજૂ થવાના મહિનામાં આગામી વર્ષના પ્રથમ ચાર મહિના માટેના આવક અને ખર્ચના હિસાબો મેળવી લેતી હોય છે. જ્યારે જ્યારે લેખાનુદાનની રકમ લેવામાં આવી છે ત્યારે ત્યારે તેનું કદ સંભવિત બજેટના ૩૩ ટકા જેટલું હોય છે. સરકાર આગામી વર્ષના ચાર મહિના એટલે કે એપ્રિલ થી જુલાઈ મહિના સુધીનું લેખાનુદાન લેશે.

### કોંગ્રેસનું નીચું નિશાન તેને પરાજય અપાવે છે...

કોંગ્રેસ માટે નિરાશાના દિવસો ફરી આવી શકે છે. આમ પણ કોંગ્રેસના યુવા નેતાઓની જીભ કહી રહી છે કે અમારી પાર્ટી હવે જીતવા માટે ઈલેકશન લડતી નથી. જો જીતવા માટે જ લડવાનું હોય તો પ્રદેશના નેતાઓએ ભાજપ સામે પસીનો પાડીને પણ બેઠકોમાં તનતોડ મહેનત કરવી પડે. અમારા નેતાઓ પરિવર્તન નહીં, પુનરાવર્તન કરવામાં ટેવાઈ ગયા છે. ગુજરાત ભાજપમાં હવે એવા કરિશ્માયુક્ત નેતા પણ રહ્યાં નથી કે લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીને ૧૦ કે ૧૨ બેઠકો અપાવી શકે. કોંગ્રેસમાં જે ઉમેદવાર ચૂંટણી જીતે છે તે તેમની શકિત મુજબ જીતતા હોય છે, કારણ કે ભાજપને ફાવટ છે કે કોંગ્રેસમાં તડાં પડાવીને સામ, દામ, દંડ અને ભેદથી કોંગ્રેસના ઉમેદવારને હરાવવો. કોંગ્રેસની બીજી નબળાઈ એવી છે કે તે ચૂંટણીમાં વિજેતા થવાનો ગોલ નીચો રાખે છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ગોલ ૯૦ થી ૯૫ બેઠકોનો હતો, પરિણામ આપણી સામે છે. ૨૦૧૪ની લોકસભામાં કોંગ્રેસનો ગોલ ૮ બેઠકોનો હતો, પરિણામ એ આવ્યું કે ભાજપે તમામ બેઠકો જીતી લીધી. ૨૦૧૯માં કોંગ્રેસનો ગોલ આઠ થી દસ બેઠકોનો છે, જોઈએ હવે પરિણામ શું આવે છે. બીજી તરફ ભાજપના નેતાઓ ખાસ કરીને નરેન્દ્ર મોદી અને અમિત શાહ ઉંચો ગોલ રાખે છે. ચૂંટણી સમયે તેઓ છેલ્લી ઘડી સુધી કહે છે કે અમને વિધાનસભામાં ૧૮૨ પૈકી ૧૫૦ બેઠકો મળશે. લોકસભામાં ૨૬ માંથી ૨૬ બેઠકો અમે જીતી જઈશું. ભાજપનો આ ગોલ સિદ્ધ થાય છે. ગુજરાતી કહેવત છે કે- નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન.. કોંગ્રેસને આ કહેવતની યાદ અપાવવાની જરૂર છે. જો ગોલ જ ન હોય તો કાર્યકરો નિષ્ક્રિય બની જતા હોય છે.

## 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન'-- ગુજરાતી કહેવત કોંગ્રેસના લિડરોએ સમજવી પડે ...